વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA



**શ્રી શબ્દશરણ તડવી**
માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
વન અને આદિજાતિ વિકાસ



**શ્રી ગણપતભાઈ વસાવા**
માનનીય મંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન

www.kamnath.com

# વનબંધુ યોજનાના ફળદાયી પરિણામ





વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

ગુજરાત સરકારે આદિવાસીના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તે પરત્વે તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા આજના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના (વી.કે.વાય.)ની શરૂઆત કરેલ હતી. આ સર્વગ્રાહી અને સફળ વિકાસ પહેલને, આજે રાષ્ટ્રીય અને વિશ્વસ્તરે વિકાસના ગુજરાત મૉડેલ તરીકે ખ્યાતિ પ્રાપ્ત થયેલ છે.

આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ તરીકે પણ ઓળખાય છે. તેને ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ મિશનમોડમાં શરૂ કરવામાં આવી હતી.

ટ્રાયબલ સબ પ્લાન(ટી.એસ.પી.) હેઠળ ૧૦મી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૦૭)માં કરાવેલ રૂા. ૫,૬૪૦ કરોડની નાણાંકીય ફાળવણી વધારીને ૧૧મી પંચવર્ષીય યોજના(૨૦૦૭-૧૨)માં સીધી રૂા. ૧૫,૦૦૦ કરોડ કરી દેવામાં આવી. જયારે તેની સામે કરવામાં આવેલ વાસ્તવિક ખર્ચનો આંકડો રૂા. ૧૭,૨૦૦ કરોડ સુધી પહોંચ્યો.

ગુજરાત સરકારે ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭)માં રૂા. ૪૦,૦૦૦ કરોડની સામે રૂા. ૪૨,૭૧૨ કરોડની મહત્ત્વકાંક્ષી ફાળવણી કરી છે. મુદ્દાવાર આના સફળતાલક્ષી પરિણામો મળ્યા છે.

# ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ



- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ સાક્ષરતા દરમાં સુધારો : ૨૦૦૧માં આદિવાસી સાક્ષરતા દર ૪૭.૭% હતો, જે ૨૦૧૧માં સુધારીને ૬૨.૫% થયો. રાજ્ય સાક્ષરતા દર તથા આદિવાસી દર વચ્ચે સાક્ષરતા ગેપ ૨૦૦૧માં ૨૧.૪% ઘટીને ૨૦૧૧માં ૧૫.૫૪% થયો.
- ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો (શાળા છોડ્યાનો દર) : પ્રાથમિક શાળાએ જતા આદિજાતિના વિદ્યાર્થિઓનો ડ્રોપ આઉટ દર સન ૨૦૦૧-૦૨માં ૩૭.૨૨% હતો. રાજ્ય સરકારે શાળા પ્રવેશ મહોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ, તેમજ ગુણોત્સવ જેવી પહેલ હાથ ધરી હોવાથી તથા ખાસ કરીને આદિવાસી વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન આપવાના ઉદ્દેશથી નવી શાળાઓ તથા હોસ્ટેલોની સ્થાપના કરવા આદિજાતિના વિદ્યાર્થીઓની ભરતી કરવા વિવિધ યોજનાઓને હાથ ધરવામાં આવી હોવાથી ૨૦૧૪-૧૫માં ડ્રોપઆઉટ રેટ ઘટીને ૧.૯૭% આપ્યો છે. (કુમાર ૧.૯૪%; કન્યા ૨.૦૦%).



- ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુસર રાજ્ય સરકારે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં નવોદય વિદ્યાલયના ધોરણે ૮૬ એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ (ઇ.એમ.આર.એસ) શરૂ કરી. આવી શાળાઓમાં ૨૭૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. રાજ્ય સરકારે એવી જાહેરાત કરી છે કે તમામ ઇ.એમ.આર.એસ.ના શિક્ષકોને નિર્ધારિત પગારને બદલે નિયમીત ધોરણે પગાર આપવામાં આવશે. આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા આદિજાતિ વિકાસ વિભાગે રહેણાંકની શાળાઓ ચલાવવા શહેરી કેન્દ્રોમાંથી ૯ તેજસ્વી ખાનગી ભાગીદારો દ્વારા આદિવાસી વિસ્તારોમાં અંગ્રેજી તથા ગુજરાતી એમ બન્ને ભાષાઓના માધ્યમની રેસીડેન્સીયલ શાળાઓની સ્થાપન કરેલ જેમાં જ્ઞાનધામ ચેરીટેબલ ટ્રસ્ટ, ગ્લોબલ ઈન્ડિયા ફાઉન્ડેશન, ઝી-લર્ન એજ્યુકેશન સોસાયટી, નવરચના એજ્યુકેશન ટ્રસ્ટ, શાંતિલાલ સંઘવી ફાઉન્ડેશન, ઉત્થાન સેવા સંસ્થાન, અતુલ વિદ્યા મંદિર, સૂર્યા ફાઉન્ડેશન તથા સુખી પરિવાર ફાઉન્ડેશન.
- આદિજાતિ વિસ્તારમાં શૌક્ષણિક સંસ્થાઓ : સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ (આઇ.ટી.ડી.પી.) વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ૮૦૩૫, પ્રાથમિક શાળાઓ ૧૦૬૪, સેકન્ડરી શાળાઓ ૫૦૯ ઉચ્ચ શૈક્ષણિક શાળાઓ આદિવાસી વિસ્તારોમાં કાર્યરત છે.
- આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડવા રાજ્ય સરકારે દરેક આદિવાસી તાલુકામાં એક ઉચ્ચ માધ્યમિક વિજ્ઞાન શાળા તથા એક કોલેજની સ્થાપના કરી છે.

- પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર, વડોદરા જેવા ગુજરાતના આદિવાસી વિસ્તારોની કોલેજની સેવા પૂરી પાડવા પંચમહાલ જિલ્લામાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

- આદિવાસી વિદ્યાર્થીઓના સંશોધન અને વિકાસ કામ તથા ઉચ્ચ અભ્યાસને સરળ બનાવવાના હેતુસર નર્મદા જિલ્લામાં આદિવાસી યુનિવર્સિટીની સ્થાપના કરવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે.

- શ્રેષ્ઠ ખાનગી કોચિંગ ક્લાસના સહયોગથી તમામ આદિવાસી જિલ્લાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે વિશેષ કોચિંગ ક્લાસની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૭૨૦૦ આદિજાતિના વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. આ યોજનાના અમલીકરણને કારણે ૨૦૧૫-૧૬ સુધી એમ.બી.બી.એસ.માં ૧૦૬૧ આદિવાસી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

- ૩૦૦૦થી વધુ સ્કોલર વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલ વાઉચર યોજના હેઠળ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.) શાળાઓમાં અભ્યાસ મેળવી રહ્યા છે. તેઓનો શૈક્ષણિક ખર્ચ રાજ્ય સરકાર દ્વારા પૂરો પાડવામાં આવે છે.

- સમરસ હોસ્ટેલ : રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૦૦ કરોડના ખર્ચે શૈક્ષણિક સંસ્થાઓમાં, ૬-મહા છાત્રાલયની રાજ્યના આદિજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગના ૧૦,૫૦૦






વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, અને વલ્લભવિદ્યાનગરમાં નિર્માણ કરેલ છે. હવેથી રાજ્યના આદિજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓને મુખ્ય શહેરોમાં અદ્યતન સુવિધાવાળી હોસ્ટેલનો લાભ મળશે.

## ગુણવત્તાસભર અને ટકાઉ રોજગાર




- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતના આદિવાસી યુવાનો માટે કૌશલ્ય તાલીમ : રાજ્યમાં ટેકનીકલ પ્રોફેશનલ/તાલીમબદ્ધ વ્યક્તિઓની ખૂબ મોટી માંગ છે. જો કે વિવિધ ક્ષેત્રોમાં લાયક વ્યવસાયિકોને પેદા કરવામાં ભારત ઉચ્ચ સ્થાન ધરાવે છે તથા અર્ધ કુશળ મેનપાવરની ઉપલબ્ધતા અને કૌશલ્ય સ્તર ઘણું નીચું છે.

- આઇ.ટી.ડી.પી. વિસ્તારમાં માન્યતા પ્રાપ્ત નવી આઇ.ટી.આઇ.ની સંખ્યા ૨૭ છે. (કુલ-૭૫) તથા ૧૪ જિલ્લાઓમાં કુલ બેઠકોને ૧૦૪૧૬થી વધારીને ૩૦૦૬૮ કરવામાં આવી તથા ૪૧ નવા કોર્ષને મંજૂરી મળી.

- આઇ.ટી.આઇ. હેઠળ લાભો : મહિલા ઉમેદવારો માટે ૪૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ. મહિલાઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ. આદિવાસી મહિલાઓને પ્રવાસ માટે સાઇકલ વિતરણ. મહિલા તાલીમાર્થીને રૂ. ૧લાખનું વીમા કવચ.

- રોજગાર અને તાલીમ નિયામક હેઠળ સફળ તાલીમ પામેલા ઉમેદવારો.
  તાલીમદ્ધ - ૮,૯૫,૧૪૩
  પ્લેસમેન્ટ - ૧,૭૬,૯૯૦

- રાજયના આઇ.ટી.ડી.પી. વિસ્તારમાં વીકેવાય હેઠળ ૨૦૧૧માં ૧૨૦ કૌશલ્ય વર્ધન કેન્દ્ર (કે.વી.કે)ની શરૂઆત તથા ૨,૩૨,૪૨૬ આદિજાતિ વિદ્યાર્થીઓને તાલીમ.

- આઇ.ટી.ડી.પી. વિસ્તારોમાં કુલ ૬૭ રોજગાર મેળાઓનું આયોજન થયું તથા ૧,૬૨,૩૬૭ ઉમેદવાઓને લાભ થયો.

- આઇ.ટી.ડી.પી. વિસ્તારમાં ૨૮૫ સ્વરોજગાર સેમિનારો યોજવા અને ૧૫,૭૬૮ કરતાં પણ વધારે ઉમેદવારો લોનનો લાભ ઉઠાવ્યો.

- વોકેશનલ તાલીમ કેન્દ્ર પીપીપી યોજના હેઠળ : વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૧૦ મુદ્દા પૈકી આદિજાતિ પરિવારોની આવક બમણી કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી તાલુકાઓમાં વિવિધ નવતર યોજનાઓ તથા પ્રોજેક્ટની શરૂઆત કરી છે.

- રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓનું અમલીકરણ આદિજાતિ વિકાસ મારફતે કરવામાં આવે છે. આવી પરિણામલક્ષી યોજનાઓના અમલીકરણ માટે રાજ્ય સરકારે ખાનગી ભાગીદારો, એન.જી.ઓ. અને સરકારી તંત્ર સાથે હાથ મિલાવ્યા છે. તે ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ પ્રતિષ્ઠિત ખાનગી ભાગીદારના સહયોગ સાથે રાજ્ય સ્તરીય રોજગારલક્ષી તાલીમ કેન્દ્રોની શરૂઆત કરવા માંગે છે. જે માટે જાહેર-ખાનગી ભાગીદારી નીતિ ઘડવામાં આવી છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ નીતિને મંજૂરી આપવામાં આવી છે.

- પીપીપી મોડ આધારે રોજગારલક્ષી શિક્ષણ : આદિજાતિ વિકાસ વિભાગ પીપીપી મોડલને આધારે કૌશલ્ય તાલીમ માટે રાજ્યમાં ૮ સ્ટેટ ઓફ આર્ટ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરને અમલી બનાવી રહ્યો છે. રાજ્ય સરકારે ગુજરાતના આઇટીડીપી વિસ્તારમાં પીપીપી આધારે ૮ વીટીસી કેન્દ્રોને તથા આદિવાસી વિકાસ વિભાગ હેઠળ ૧૩ કેન્દ્રોને મંજૂરી આપી છે. આમ કુલ ૨૧ વીટીસી કાર્યરત છે.

- વીટીસી હેઠળ મળતા લાભો :
  - નોકરીની ગેરન્ટી
  - નિઃશુલ્ક તાલીમ
  - નિઃશુલ્ક ટુલ કીટ, રહેવા જમવાની સુવિધા
  - મહિલાઓ માટે વિશેષ ટ્રેડ
  - છાત્રાલયની સુવિધા

- રોજગારલક્ષી તાલીમ પ્રોગ્રામ હેઠળ સફળ તાલીમાર્થી
  તાલીમ - ૪૨૭૪૩
  પ્લેસમેન્ટ - ૩૧૯૬૩

- ટ્રેડ/કોર્સ અનુસાર તાલીમાર્થીઓ ૧૨,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીનો પગાર મેળવી રહ્યા છે.

- હાઇ એન્ડ સ્કિલ ટ્રેનીંગ ટ્રેડ હેઠળ અખાતી દેશોમાં ૩૩ કરતા પણ વધારે ઉમેદવારોની નિમણૂક

- રાજ્ય સરકારે હાઇ એન્ડ સ્કિલ ટ્રેનીંગ માટે ભારત સરકારના એમએસએમઇ મંત્રાલયની ઇન્ડો જર્મન ટૂલ રૂમ તથા પેટ્રોકેમિકલ અને ખાતર મંત્રાલય સાથે હાથ મિલાવ્યા છે.
- રાજ્ય સરકારે વલસાડના ધરમપુરમાં ૯૦૦૦ આદિવાસી યુવાનોને પ્લાસ્ટિક એન્જીનિયરીંગ હેઠળ રોજગારલક્ષી તાલીમ પૂરી પાડવી ભારત સરકારના સીપેટ સાથે સમજૂતી કરાર કર્યા છે.
- રાજ્ય સરકારે આદિવાસી યુવાનોને કોચિંગની સુવિધા પૂરી પાડી છે.
  - ગુજસેટ તાલીમ પામેલ ૫,૬૪૮ જે પૈકી ઉત્તિર્ણ થયેલ ૧૦૬૧
  - JEE તાલીમ પામેલ ૨,૧૦૦ જે પૈકી ઉત્તિર્ણ થયેલ ૩૭૧
  - પોલિસ તાલીમ ૨૪૪૦ ચાલુ વર્ષમાં
  - GPSC/UPSC : ૩૪૫ (એસ.ટી.) ચાલુ વર્ષમાં
  - NEET : ૧૬૧ (એસ.ટી.) ચાલુ વર્ષમાં
- ગુજરાતમાં વન અધિકાર પહેલાં કુલ ૩૪,૨૪૮ વ્યક્તિઓને ૫૧,૮૯૯ એકર જમીન આપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૬ થી વન અધિકારનો કાયદો અમલમાં આવતા ૭૮,૬૩૨ આદિવાસી કુટુંબોને જંગલની જમીન ખેડવાના અધિકારો રાજ્ય સરકારે આપી ૧,૧૬,૧૧૯ એકર જમીન માન્ય કરવામાં આવી છે, અને તે અંગેના અધિકાર પત્રો આપી દેવામાં આવ્યા છે. ૪૫૯૯ જેટલા સામૂહિક દાવાઓ મંજૂર કરવામાં આવેલ છે તેમજ ૧૦,૮૧,૫૮૩ એકર જમીન માન્ય કરવામાં આવી છે. માળખાકીય સુવિધામાં ૭૪૭ જેટલી દરખાસ્તો, મંજૂર કરવામાં આવી છે.



## કૃષિ



- આદિવાસી વિસ્તાર ભરપૂર વરસાદવાળો વિસ્તાર છે. તથા મુખ્ય પાકમાં મકાઇ અને જુવારનો સમાવેશ થાય છે. વીકેવાય હેઠળ આ પદ્ધતિ ખૂબ જ બદલાઇ છે તથા હવે કપાસ, ડાંગર, વટાણા જેવા પાકો લેવામાં આવે છે. ત્યારપછી ઘઉં, ડાંગર, કપાસ, ટામેટા, કેળા, ચણા તથા મગફળીઓનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ફૂલની ખેતી પણ ઝડપથી વિકસી રહી છે. કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેકટના અસરકારક અમલીકરણ દ્વારા આદિવાસી ખેડૂતોની આવક બમણી થઇ છે. ૫ લાખ કરતા પણ વધારે આદિવાસી ખેડૂતોને કૃષિ વૈવિધ્યકરણ કાર્યક્રમ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે.
- વાડી પ્રોગ્રામ : વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વાડી પ્રોગ્રામ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે તથા નાના ખેડૂતોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. વાડી પ્રોગ્રામમાં કેરી, ચીકુ, જામફળ, લીંબુ તથા એક જ ખેતરમાં શાકભાજીના પાકોને ઉગાડવાને પ્રોત્સાહન આપવામાં આવે છે. ખેડૂતોએ

એક જ સત્રમાં તેમના અડધા એકરના પ્લોટમાં લગભગ ૨૦,૦૦૦ની કમાણી કરી દક્ષિણ ગુજરાતના આદિવાસી ખેડૂતોએ છેક દિલ્હી અને મુંબઇના બજારો સુધી તેમના શાકભાજી પહોંચતા કર્યા છે.

- વનબંધુ કલ્યાણ યોજનાએ વિવિધ કૃષિ પ્રોજેક્ટ દ્વારા રોજગારી પૂરી પાડી છે અને આમ આદિવાસી ખેડૂતો અને પરિવારોને ટકાઉ રોજગારી અને આવકની તકો પૂરી પાડી.
- વનબંધુ કલ્યાણ યોજના લાભાર્થી પરિવાર માટે આવક અને રોજગારીની તકોનું નિર્માણ કરી રહી છે તથા શિક્ષણ પાછળ વધારે નાણા ફાળવવામાં આવશે અને આખરે આદિવાસી બાળકોએ શાળામાંથી ભણતર અધૂરું મૂકીને ઉઠી જવું નહીં પડે તેઓ શહેરી કેન્દ્રોમાં પણ ઉચ્ચ શિક્ષણની સુવિધા લઇ રહ્યા છે.
- વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ પછી આદિવાસી વિસ્તારોમાં કુલ ૪૧ એ.પી.એમ.સી. ૩૩ મુખ્ય યાર્ડ તથા ૭૭ પેલયાર્ડ કાર્યરત છે.
- સંકલિત ડેરી વિકાસ પરિયોજના (આઇ.ડી.ડી.પી.)
  - ગુજરાત ડેરી ક્રાંતિમાં મોખરે રહ્યું તેમ છતાં પણ વનબંધુ કલ્યાણ યોજના પહેલા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા વિસ્તારના ગરીબોને યોગ્ય રીતે જોડાણ થઇ શક્યું નથી. વધતા જતા ખર્ચ અને જોખમ તેના કારણો હોય શકે, જો કે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘે રાજ્ય સરકાર સાથે ભાગીદાર કરવાનાં સૂચનને સ્વીકારી લેવાની તૈયારી દેખાડી છે.
  - આદિવાસી વિસ્તારોમાં ડેરી વિકાસને સુધારવાના હેતુસર ડેરી વિકાસ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામે દશ વર્ષના સમય ગાળામાં ગરીબી રેખાથી નીચેના ૧,૦૪,૦૦૦ આદિવાસી લાભાર્થીઓને સમાવિષ્ટ કર્યા છે. અમૂલ પ્રોજેક્ટની જેમ જ આ પ્રોજેક્ટને ઘડવામાં આવ્યો છે.



- આઇ.ડી.ડી.પી. પ્રોગ્રામમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે.
  - ઢોર ઢાંખરની ખરીદી તથા વહીવટ, સારી જાતના દૂધાળાં પશુઓની જોગવાઇ, પશુ વીમો, જિલ્લાસ્તરે ઇમરજન્સી સેવા, ઘાસચારા પ્લોટનો વિકાસ, ચાપ કટર, પશુ માટે કેટલ સેડનું બાંધકામ
  - ઘર બેઠા પશુઓને કૃત્રિમ ગર્ભદાન અને પશુ ચિકિત્સાની સેવા, રોગચાળા અટકાવ માટે નિયમીત મુલાકાત, પશુ રસીકરણ, રોગ નિદાન માટેની લેબોરેટરી
  - હાઇજીનીક દૂધ માટેના સહયોગ : બલ્કચીલર્સ, સ્ટેનલેશ સ્ટીલના કેનની સુવિધા, ઓટોમેન્ટીક સેલ કાઉન્ટર મીલ્ક કલેક્શન યુનિટની સ્થાપના



- વૈજ્ઞાનિક ઢબેથી દૂધ ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન
- આઇ.ડી.ડી.પી. યોજના હેઠળ આદિજાતિ લાભાર્થી પ્રતિ મહિને પ્રતિ પશુ દીઠ રૂા. ૪૦૦૦ની આવક મેળવે છે.

- આઇ.ડી.ડી.પી. પ્રોગ્રામ હિફર વિકાસ પ્રોજેક્ટને ટેકો આપે છે અને તેનાથી આદિવાસી વિસ્તારોમાં દૂધાળાં પશુઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. કુત્રીમ ગર્ભધારણ તથા હાલના અને નવજાત વાછરડીઓ અને પાડીઓને વૈજ્ઞાનિક ધોરણે ઉછેરવામાં આવે છે. જેથી કરીને ટૂંકા સમયગાળામાં તેઓ સારી રીતે ઉછરી શકે જેના ખેડુતોને પોષણ વિકાસ વંધત્વ નિવારણ વગરે અંગે ખેડુતોને તાલીમ આપવામા આવે છે.

- પરંપરાગત હાટ બજારને આધુનિકરણ કરવા : રાજ્યમાં ૧૮૨ અઠવાડીક પરંપરાગત હાટ બજાર આદિજાતિ વિસ્તારમાં આવેલ છે. જેમાં તેઓને રોજબરોજની ચીજ વસ્તુઓ જેવી કે, ખાદ્ય સામગ્રી, જંગલની પેદાશો, ફ્રૂટ, શાકભાજી, મરી-મસાલા, કપડા, માંસાહારી, પાલતુ પશુ, ઇંડા, મચ્છી વગેરે વસ્તુઓનું વેચાણ તથા ખરીદી થાય છે. રાજ્ય સરકાર દ્વારા ૧૬ સુવિધાયુકત હાટનું રૂા. ૨.૦૦ કરોડના ખર્ચે રાજ્યના આદિજાતિ વિસ્તારમાં બજાર સ્થાપના માટેની યોજના મંજૂર કરવામાં આવી. જેમાં દુકાનો, રસ્તા, વીજળી, કંપાઉન્ડ વોલ, પીવાનું પાણી, શૌચાલય વિગેરે સુવિધાઓ વિકસાવવામાં આવશે. આદિવાસી કલાકારો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ દ્વારા તેઓને માર્કેટીંગ મળી રહે તે હેતુથી તથા આદિજાતિ લોકોને પોતાની ચીજ વસ્તુઓનું સારી બજાર તથા સારી કિંમત મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.



## આરોગ્ય



- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગ્રામીણ આરોગ્યની સુવિધાના વિકાસ માટે આદિવાસી વિસ્તારો પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ત્રણ હજાર આદિવાસી વસતિએ એક પેટા કેન્દ્ર દર વીસ હજાર વસતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા એક લાખ આદિવાસી વસતિએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે.

| ક્રમ નં. | કેટેગરી | રાજ્યમાં કુલ કાર્યરત | રાજ્યના આદિજાતિ વિસ્તારમાં | કુલ કાર્યરતના % |
|---|---|---|---|---|
| જાહેર આરોગ્ય | | | | |
| ૧ | પેટા કેન્દ્રો | ૮૮૦૧ | ૨૭૭૫ | ૩૧.૫૩ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૩૧૪ | ૩૮૧ | ૨૯.૦૦ |
| ૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૩૨૨ | ૬૯ | ૨૧.૪૩ |
| ૪ | મોબાઇલ સર્વાંગી આરોગ્ય કેર યુનિટ | ૧૨૮ | ૩૭ | ૨૮.૯૧ |

- સિકલ સેલ એનીમિયા કાર્યક્રમ :
  કાર્યક્રમ હેઠળના મુખ્ય પાસાઓ :
  - નવજાતની ચકાસણી
  - આદિવાસી દંપતિની ચકાસણી
  - બાળકો પુખ્ત તથા જેરિયાટ્રીક ચકાસણી
  - પ્રસુતિ પહેલાની તપાસ-નિદાન
  - જરૂરી લેબોરેટરીની સુવિધા
  - માર્ગદર્શન સારવાર અને ફોલોઅપ
- ૮૮ લાખ આદિવાસી વસતિની સિકલ સેલ એનીમિયાની તપાસ કરવામાં આવી છે તથા ૭ લાખ કરતાં પણ વધારે લોકોને અને ૨૯,૨૬૬ લોકોને સિકલ સેલ રોગ તરીકે ઓળખી કઢવામાં આવ્યા છે. આ રોગનું નિદાન થયેલા લોકો માટે દર મહીને એક વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦/- ના ધોરણે દવા તથા પૂરક આહાર પૂરો પાડવા માટે એક યોજનાની જાહેરાત કરવામાં આવી છે.



- સિકલ સેલ રોગીઓ માટે રાજ્ય સરકારે સંકલિત આરોગ્યની યોજના અમલમાં મૂકી છે તથા સેફોલિક એસિડ, પેઇન કિલર જેવી પાયાની દવાઓ પેટા કેન્દ્ર દ્વારા પૂરી પાડી રહ્યું છે તે ઉપરાંત એચ.આઇ.વી. ફ્લુડ એન્ટીબાયોટીક્સ વગેરે જેવી દવાઓ પણ પી.એચ.સી. સી.એચ.સી.ને પૂરી પાડવામાં આવે છે.
- રાજ્ય સરકાર દ્વારા વન બંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ થી દૂધ સંજીવની યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ રાજ્યની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. રાજ્યના તમામ ૪૯ આદિજાતિ તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૧ લાખ વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજના હેઠળ દૈનિક ધોરણે ૨૦૦ એમ.એલ. ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધનો લાભ આપવામાં આવી રહ્યો છે.
- સૌના માટે આરોગ્ય : આદિજાતિ વિસ્તારના ૬.૮૩ લાખથી વધુ ગંભીર બીમારીથી પીડાતા જેવી કે કીડની, કેન્સર, હૃદયરોગ અને અન્ય અસાદય રોગોની સારવાર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

## સૌના માટે પીવાના પાણીની સુવિધા



- વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન પીવાના પાણી પૂરું પાડવા માટે કરવામાં આવેલ કામો :
  - ૩૫ સ્થાનિક પાણી પુરવઠા યોજના હેઠળ રાજયના ૧૦૦૫ ગામડાઓને આવરી લીધેલ છે.
  - ૭૧,૧૮૧ નવા હેન્ડપંપ લગાડવામાં આવેલ છે.
  - ૭૬૯૪ નવા મીની વોટર સપ્લાય યોજના હેઠળ લગાડવાની કામગીરી પૂર્ણ કરેલ છે.
  - ૪૪૦ સોલારપંપ લગાડવાની કામગીરી પ્રગતિમાં છે.
  - ૩૯૪૬ ગામોમાં વોટર સપ્લાય સ્કીમ હેઠળ તથા પાણી સમિતિ દ્વારા લોકભાગીદારીથી કામગીરી પૂર્ણ કરેલ છે.



  - ૨૦૦૧ સુધીમાં ૪૮,૬૯૮ આદિવાસી પરિવારોને (૩.૯%) નળથી પાણી મળતું હતું જે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં આવ્યા બાદ ૮.૬૦ લાખ પરિવારો (૫૬.૦૦%) ને નળથી પાણી મળતું થયું.
  - રૂા. ૨૧૬૨ કરોડની ગ્રાન્ટ સામે રૂા. ૧૪૫૫ કરોડનો (૬૭.૩૧%) ખર્ચ થયેલ છે.
- આદિજાતિ વિસ્તારમાં પાણીની સુવિધા પૂરી પાડવા માટેના મુખ્ય કામો.
  - નર્મદા આધારિત દાહોદ અને છોટાઉદેપુરના ૩૪૩ ગામોને અને દેવગઢબારીયા તથા છોટાઉદેપુરના શહેર વોટર સપ્લાય સ્કીમ હેઠળ આવરી લેવામાં આવેલ છે તથા આશરે રૂા. ૮૯૦ કરોડનો ખર્ચ થવાનો છે. રાજ્ય સરકાર દ્વારા નર્મદા નદીના કિનારે હાફેશ્વર ખાતે જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાના ગામોને પીવાના પાણીની સુવિધા ઉભી કરવામાં આવશે.
  - વોટર સપ્લાય સ્કીમ અંતર્ગત આશરે ૩૦૯ કરોડના ખર્ચે ડેડીયાપાડા અને સાગબાર તાલુકો નર્મદા જિલ્લાનો અને સોનગઢ તાલુકો તાપી જિલ્લાના ૨૨૧ ગામોને લાભ મળશે. રાજ્ય સરકાર દ્વારા ઉકાઇ નજીક બોરડા ગામ પાસે તળાવ બનાવવામાં આવશે.
  - કડાણા ડેમ આધારિત સરાસડી (વંછલા ડુંગર) પ્રાદેશિક વોટર સપ્લાય યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાના ૨૭ ગામોને આ યોજનાનો લાભ મળશે.
  - સંખેડા પાવીજેતપુરને વોટર સપ્લાય યોજના અંતર્ગત નર્મદા મુખ્ય નહેરમાંથી ભીલોડીયાના પેટા કેનાલ દ્વારા આશરે ૦.૬૦ લાખ લોકોને લાભ આપવામાં આવશે.

## સિંચાઇની સવલતો



- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૧૪૬૬૦ ચેકડેમ, ૨૮૫૪ તળાવોની ઉંડાઇ, ૧૦૬૦ લીફ્ટ ઈરીગેશન મારફતે આશરે ૬ લાખ એકર જમીનને સિંચાઇની સુવિધા પૂરી પાડવામાં આવી છે. નહેર સુધારણાના કામો કરી ૯૮,૫૯૦ હેકટર જમીનને આધુનિકરણ, લંબાઇ વધારવી તથા રીનોવેશન દ્વારા સહભાગી સિંચાઇની યોજના (Participatory Irrigation Management) હેઠળ લાભ પૂરો પાડવામાં આવ્યો છે.

- રાજ્ય સરકાર દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં, પર્વતીય વિસ્તારોમાં કે જ્યાં પાણી પહોંચાડવું અશક્ય હતું ત્યાં રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કડાણા, કરજણ અને કાકરાપારમાં સિંચાઇને લગતા ૩ પ્રોજેક્ટનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવેલ છે. જેનાથી અંતરિયાળ વિસ્તારોમાં કે જ્યાં પાણી પહોંચાડવું શક્ય બન્યું.



- કુલ ૪ સિંચાઇના પ્રોજેક્ટ તથા ૫ વોટર સપ્લાયના પ્રોજેક્ટથી અંદાજે ૧ લાખ એકર જમીન, ૭૦૦ ગામડાઓ અને ૨ તાલુકામાં સિંચાઇ તથા પીવાના પાણીની સુવિધા પ્રાપ્ત થઇ છે.

## વીજળીકરણ



- રાજ્યના છેવાડાના આદિજાતિ વિસ્તારો સુધી સતત વીજ પુરવઠો મળી રહે તે માટે ૧૦૦ નવા સબ સ્ટેશન ઉભા કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ જિલ્લાઓમાં ૨૪/૭ કુલ ૫૮૮૪ ગામોમાં વીજળી પૂરી પાડવામાં આવે છે.

- મુખ્ય સિદ્ધિઓ :
    - આદિજાતિ વિસ્તારમાં અવિરત વિજ પ્રવાહ
    - ૮૯૧૧૧ ખેતરોમાં વિજળીકરણ

- કુટીર યોજના હેઠળ ૧,૬૬,૬૧૧ ઘરોમાં વિજ કનેક્શન
- બાકી રહેતા/નવા બી.પી.એલ. કુટુંબો વિસ્તારમાં તથા ૯૬૫ પેટા વિસ્તારમાં વિજળી પૂરી પાડવામાં આવેલ
- નવી તકનીક અને સારી સુવિધાથી આદિજાતિ વિસ્તારોનું વિજળીકરણ
- આદિજાતિ વિસ્તારમાં પુનઃ પ્રાપ્ય ઊર્જા તથા પરંપરાગત ઊર્જાનો મહત્તમ ઉપયોગ



- રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં ૭૨૧૦ કિ.મી. લંબાઈના રસ્તાઓ કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના તમામ મહેસૂલી ગામોને(૯૯.૬૩%) બારમાસી રસ્તાઓ દ્વારા જોડવામાં આવેલ છે.



- મુખ્ય સિદ્ધિઓ :

  - વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના મુજબ રસ્તાઓનું બાંધકામ થયેલ છે.
  - છેવાડાના ૪૦૧ ગામોમાં રોડની જોડાણ માટે મુખ્ય ધ્યાન આપવામાં આવેલ છે.
  - ૧લી એપ્રિલ ૨૦૦૦થી ૪૨૦૧ આદિજાતિ વિસ્તારોમાં જેની વસતિ ૨૫૦થી નીચી હોય એવા ગામોમાં ૧૦૬૭ ગામો એસ્ફાલ્ટ રોડથી જોડાયેલ ન હતાં. સૌપ્રથમ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આ પૈકીના ૭૩૭ ગામોને જોડવામાં આવેલ તથા ૮૩ ગામોને એસ્ફાલ્ટ રોડથી ભારત સરકારની યોજના હેઠળ જોડવામાં આવેલ તથા બાકી રહેતા ૨૪૭ ગામોનું કામ પ્રગતિમાં છે.
  - આદિજાતિ વિસ્તારના ગામડાઓને શૈક્ષણિક સંસ્થાઓ તથા દવાખાના સુધી રોડની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.
  - રોડના સમારકામ માટે વધારાનું ફંડ ફાળવવામાં આવે છે.